તા. ૨૪.૦૧.૨૦૨૫
દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ ૦૨

# કોલ્ડ પ્લે માટે મેટ્રો દર 8 મિનિટે મળશે, રાત્રે 12.30 સુધી દોડાવાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

25, 26 જાન્યુઆરીએ કોલ્ડ પ્લેની કોન્સર્ટમાં દોઢ-બે લાખ પ્રેક્ષક આવવાનો અંદાજ છે. ધસારાને ધ્યાનમાં રાખી મેટ્રો રાત્રે 12.30 સુધી દોડાવવામાં આવશે અને દર 8 મિનિટે મળી રહેશે. સામાન્ય દિવસોમાં મેટ્રો રાત્રે 10 સુધી દોડાવાતી હોય છે. જો કે, મોદી સ્ટેડિયમ અને ગાંધીનગર વચ્ચે મેટ્રોની સુવિધા લંબાવવામાં આવી નથી. આ રૂટ પર મેટ્રો રાબેતા મુજબ જ દોડશે. કોલ્ડ પ્લે માટે રાજ્ય ઉપરાંત મુંબઈ, દિલ્હી, ગોવા, બેંગ્લુરુ સહિતના શહેરોમાંથી પ્રેક્ષકો આવવાના છે. અવરજવરની અસુવિધા ન સર્જાય તે માટે ગુજરાત મેટ્રો રેલે સમય વધારવાનું નક્કી કર્યું છે.